
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૭ | ૯ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર; મહા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમદાવાદ બ્લાસ્ટ કેસમાં ૪૯ આરોપી દોષિત

## અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસમાં સ્પેશિયલ ટ્રાયલ કોર્ટનો ચુકાદો : આજે સજા : ૭૭ માંથી કુલ ૨૮ આરોપીઓ પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરાયા, બ્લાસ્ટની આ ઘટનામાં ૫૬ લોકોનાં મૃત્યુ અને ૨૪૦ લોકોને ઈજા થઈ હતી



અમદાવાદ, તા.૮

વર્ષ ૨૦૦૮ના અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસમાં મંગળવારે સ્પેશિયલ ટ્રાયલ કોર્ટે ચુકાદો આપ્યો છે. અમદાવાદ સીરિયલ બ્લાસ્ટની આ ઘટનામાં ૫૬ લોકોનાં મૃત્યુ અને ૨૪૦ લોકોને ઈજા થઈ હતી. ત્યારે સ્પેશિયલ કોર્ટે આ સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો ચુકાદો સંભળાવ્યો છે. અમદાવાદ બ્લાસ્ટમાં ૪૯ આરોપી સમગ્ર બ્લાસ્ટના ષડયંત્રમા સામેલ હતા, તે આખરે સાબિત થઈ ગયુ છે. ૭૭ માંથી કુલ ૨૮ આરોપીઓ પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરાયા છે. તો ૪૯ આરોપીઓને આવતીકાલે સજા સંભળાવવામા આવશે. આવતીકાલે આરોપીઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જ સજા સંભળાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૨૬ જુલાઈ ૨૦૦૮નો શનિવારનો દિવસ, અમદાવાદીઓ પોતાના કામમાં વ્યસ્ત હતા, ત્યારે સાંજના ૬.૩૦થી ૮.૧૦ કલાક દરમિયાન સમગ્ર અમદાવાદ બોમ્બ બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યું હતુ. શહેરમાં એક બાદ એક ૭૦ મિનીટમાં ૨૦ સ્થળોએ બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યું હતું. ૨૦૦૮ના અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસમાં મંગળવારે સ્પેશિયલ ટ્રાયલ કોર્ટે ચુકાદો આપવાની હતી જેનાં કારણે ભદ્ર સ્થિત સિટી સેશન્સ કોર્ટ અને સાબરમતી જેલમાં પોલીસ અને એ.ટી.એસ. સહિતની સુરક્ષા એજન્સીઓનો જડબેસલાક બંદોબસ્ત તૈનાત કરાયો.

# કર્ણાટકમાં ત્રણ દિવસ શાળા-કોલેજ બંધ રાખવા નિર્ણય

## હિજાબ પહેરવાના મુદ્દે કર્ણાટકમાં સ્થિતિ બગડી : શિમોગા જિલ્લામાં પથ્થરમારો પણ થયો હતો અને એ પછી અહીંયા કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ



બેંગલોર, તા.૮

કર્ણાટકમાં સ્કૂલો અને કોલેજોમાં હિજાબ પહેરવાના વિવાદમાં સ્થિતિ બગડી રહી છે.રાજ્યમાં હવે ઉકળતા ચરુ જેવી સ્થિતિનુ નિર્માણ થઈ રહ્યુ છે. દરમિયાન રાજ્યના મુખ્યપ્રધાન બાસવરાજ બોમાઈએ રાજ્યમાં શાળા અને કોલેજો ત્રણ દિવસ બંધ રાખવાની જાહેરાત કરી હતી. રાજ્યમાંથી કેટલાક વિડિયો પણ વાયરલ થઈ રહ્યા છે.આવા એક વિડિયોમાં એક વિદ્યાર્થી એક શિક્ષણ સંસ્થામાં ભગવો ઝંડો લગાડતો નજરે પડે છે. જેના પર કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ ડી કે શિવકુમારે નિવેદન આપતા કહ્યુ છે કે, જ્યાં આવી ઘટનાઓ બની રહી છે તે સંસ્થાઓને એક સપ્તાહ માટે બંધ કરવામાં આવે. જે વિડિયો વાયરલ થયો છે તે કર્ણાટકના શિમોગા જિલ્લાનો હોવાનુ કહેવાય છે.જેમાં એક વ્યક્તિ પોલ પર ચઢીને ઉભો છે અને બીજા લોકો નીચે ઉભા છે.પોલ પર ભગવો ઝંડો લગાવ્યા બાદ નીચે ઉભેલા વિદ્યાર્થીઓ ખુશીથી બૂમો પાડી રહ્યા છે. શિમોગા જિલ્લામાં સવારે પથ્થરમારો પણ થયો હતો અને એ પછી કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ છે.

# ભારતના લોકતંત્રનું જોખમ પરિવારવાદી પાર્ટીઓ : મોદી

**કોંગ્રેસ ન હોત તો શીખોનો નરસંહાર પણ ન થયો હોત, જો કોંગ્રેસ ન હોત તો પંજાબ આતંકવાદની આગમાં ન હોમાત**

નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રપતિના અભિભાષણ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં જવાબ આપ્યો. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની સરકારે દેશને નવી દિશા આપવા માટે અનેક પ્રયત્નો કર્યા. જેના સકારાત્મક પરિણામો આવ્યા છે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં કોંગ્રેસ પાર્ટીને અરીસો દેખાડતા કહ્યું કે કોંગ્રેસે બદલાવની શરૂઆત કરવી જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે દેશે પરિવારવાદની મોટી કિંમત ચૂકવી છે. સદનમાં કહેવાયું કે કોંગ્રેસે ભારતનો પાયો નાખ્યો અને ભાજપવાળાએ ઝંડો નાખી દીધો. કેટલાક લોકો એવું માને છે કે હિન્દુસ્તાન ૧૯૪૭માં પેદા થયું, આ સોચના કારણે મુશ્કેલી પેદા થાય છે અને જે લોકોને ૫૦ વર્ષ કામ કરવાની તક મળી તેમણે કશું કર્યું નહીં. ૧૯૭૫માં ડેમોક્રેસીનું ગળું ઘોંટીનારાએ ડેમોક્રેસી પર બોલવું જોઈએ નહીં. કોંગ્રેસે ડાયનેસ્ટીની આગળ વિચાર્યું જ નથી. ભારતના લોકતંત્રને સૌથી મોટું જોખમ છે, પરિવારવાદી પાર્ટીઓનું છે, એ માનવું પડશે. પાર્ટીમાં જ્યારે પણ કોઈ પરિવાર સર્વોપરિ થઈ જાય છે તો સૌથી પહેલી કેઝ્યુલ્ટી ટેલેન્ટની થાય છે.

પીએમ મોદીએ કહ્યું કે મહાત્મા ગાંધીની સોચ મુજબ જો કોંગ્રેસ ન હોત તો કાશ્મીરી પંડિતોએ અત્યાચાર સહન ન કરવો પડ્યો હોત. દેશમાં લોકતંત્રની હત્યા ન થઈ હોત. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ ન હોત તો શીખોનો નરસંહાર પણ ન થયો હોત, જો કોંગ્રેસ ન હોત તો પંજાબ આતંકવાદની આગમાં ન હોમાત.

# અદાણી એશિયાના સૌથી ધનિક બન્યા

## બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સની યાદીમાં ફેરફાર : અદાણીની નેટવર્થ ૮૮.૫ બિલિયન ડોલર પર પહોંચી, જે અંબાણીના ૮૭.૯ બિલિયન ડોલર કરતાં વધુ છે

નવી દિલ્હી, તા.૮

ભારતીય અબજોપતિ અને અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે . બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સની યાદીમાં ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પછાડીને વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં ૧૦મું સ્થાન મેળવ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે ગૌતમ અદાણીની નેટવર્થ ૮૮.૫ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે, જે મુકેશ અંબાણીના ૮૭.૯ બિલિયન ડોલર કરતાં વધુ છે. અદાણી આ વર્ષે તેમની વ્યક્તિગત સંપત્તિમાં લગભગ ૧૨ બિલિયન ડોલરના ઉછાળા સાથે વિશ્વના સૌથી વધુ સંપત્તિ એકત્ર કરનાર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે.ફોર્બ્સની યાદીમાં પણ ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. જોકે, ગૌતમ અદાણીએ બ્લૂમબર્ગ બિલિયોનેર્સ



ઈન્ડેક્સમાં પ્રથમ વખત દ્સમું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગ્રીન એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં પ્રવેશ બાદ અદાણી ગ્રૂપના કેટલાક લિસ્ટેડ શેરોએ છેલ્લા બે વર્ષમાં ૬૦૦%થી વધુની વૃદ્ધિ નોંધાવી છે.

અદાણીએ કોમોડિટી ટ્રેડિંગ બિઝનેસમાંથી બિઝનેસની દુનિયામાં પ્રવેશ કર્યો હતો અને આજે તેમનો બિઝનેસ પોર્ટ્સ, માઈન્સ, ગ્રીન એનર્જી સહિતના અનેક ક્ષેત્રોમાં ફેલાયેલો છે.છેલ્લા ત્રણ વર્ષમાં દેશના સાત એરપોર્ટનું સંચાલન તેમના હાથમાં આવ્યું છે. તેમનું ગ્રુપ દેશનું સૌથી મોટું ખાનગી ક્ષેત્રનું એરપોર્ટ ઓપરેટર, પાવર જનરેટર અને સિટી ગેસ રિટેલર છે. ૨૦૨૦ની શરૂઆતથી અદાણી ગ્રીન અને અદાણી ટોટલ ગેસના શેરમાં ૧૦૦૦ ટકાથી પણ વધુની વૃદ્ધિ નોંધાઈ છે. આ સમયગાળા દરમિયાન, અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ ૭૩૦ ટકા, અદાણી ટ્રાન્સમિશન ૫૦૦ ટકા અને અદાણી પોર્ટ્સના શેર ૯૫ ટકાથી પણ વધારે ઉછળ્યાં છે.


# મહાભારતના ભીમ પ્રવિણ કુમારનું ૭૪ વર્ષની વયે નિધન

મુંબઈ, તા.૮

પ્રવીણ કુમાર સોબતી, જેમણે બીઆર ચોપરાની સીરિયલ 'મહાભારત'માં 'ભીમ'નું પાત્ર ભજવ્યું હતું તેમણે ૭૪ વર્ષની વયે સોમવારે રાતે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ઘણા લાંબા સમયથી બીમાર હતા. પ્રવીણ કુમાર તેમની હાઈટના કારણે જાણીતા હતા. તેઓ એક્ટર હતા અને પંજાબના સ્પોર્ટ્સમેન પણ હતા.

એક્ટિંગમાં કરિયરની શરૂઆત કરતા પહેલા તેઓ એથલેટ હતા. પ્રવીણ કુમારને સ્પોર્ટ્સમાં ઘણા એવોર્ડ્સ મળ્યા હતા. તેમને અર્જુન એવોર્ડ પણ એનાયત કરાયો હતો. સ્પોર્ટ્સમાં નામના હોવાના કારણે, તેમને બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં (બીએસએફ) ડેપ્યુટી કમાન્ડન્ટની નોકરી મળી હતી.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



રાણા જશુભા પીરૂભા

પૂર્વ પ્રમુખ, જીલ્લા પંચાયત ગાંધીનગર

સાદગીપૂર્ણ નિઃસ્વાર્થ સેવાના ઉચ્ચ વિચાર ધરાવતું આપનું જીવન હંમેશા અમને પ્રેરણાદાયી બની રહેશે...

ઈશ્વર આપના આત્માને સામિપ્ય અર્પે...

વાઘેલા જનકસિંહ દલપતસિંહ
વાઘેલા કિરિટસિંહ દલપતસિંહ
વાઘેલા નરેન્દ્રસિંહ દલપતસિંહ
વાઘેલા જયરાજસિંહ કિરિટસિંહ
વાઘેલા શૈલ્યરાજસિંહ કિરિટસિંહ
રાણા માન્યવરસિંહ વિરાજસિંહ
રાણા યુવરાજસિંહ જશુભા
રાણા વનરાજસિંહ જશુભા
રાણા વિરાજસિંહ જશુભા
દેવડા કુલદિપસિંહ મનોહરસિંહ
રાણા મનમિતસિંહ યુવરાજસિંહ
રાણા વિધમાનસિંહ વનરાજસિંહ

# દેશમાં કોરોનાના નવા ૬૭૫૯૭ દર્દીઓ નોંધાયા

## ત્રીજી લહેર નબળી પડતી જોવા મળી રહી છે : એક દિવસમાં ૧૮૦૪૫૬ દર્દીઓએ કોરોનાને માત આપી



નવી દિલ્હી, તા.૮

કોરોના વાયરસની ત્રીજી લહેર નબળી પડતી જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૭૦ હજારથી ઓછા નવા કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો હવે વધીને ૪ કરોડ ૨૩ લાખ ૩૯ હજાર ૬૧૧ પર પહોંચી ગયો છે. એક દિવસમાં કોરોનાથી ૧૧૮૮ લોકોના મોત થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭,૫૯૭ દર્દીઓ નોંધાયા છે. જે ગઈ કાલ કરતા ઓછા છે. ગઈ કાલે ૮૩,૮૭૬ નવા દર્દીઓ નોંધાયા હતા. એક દિવસમાં ૧,૮૦,૪૫૬ દર્દીઓ કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. રિકવર થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે જે સારા સંકેત છે. જ્યારે એક્ટિવ કેસ ઘટી રહ્યા છે. હાલ દેશમાં ૯,૯૪,૮૯૧ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાના નવા કેસ ઘટી રહ્યા છે પરંતુ મોતનો આંકડો વધી રહ્યો છે.

# અફઘાનના ખેલાડીઓએ બ્રિટનમાં આશ્રય માગ્યો

## વર્લ્ડ કપ બાદ સ્વદેશ પાછા ફરવા ખેલાડીઓનો ઈનકાર : ખેલાડીઓના નામનો ખુલાસો કરાયો નથી અને આ અંગેની કોઈ જાણકારી અફઘાન ક્રિકેટ બોર્ડે આપી નથી

લંડન, તા.૮

અફઘાનિસ્તાનની અન્ડર ૧૯ ટીમના સંખ્યાબંધ ખેલાડીઓએ વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલા આઈસીસી ક્રિકેટ વિશ્વ કપ બાદ ઘરે પાછા ફરવાનો ઈનકાર કરી દીધો છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે તેમણે બ્રિટનમાં શરણ માંગ્યુ છે.તેઓ લંડનમાં રહેવા માંગે છે.અફઘાનિસ્તાનની વેબસાઈટના દાવા પ્રમાણે ટીમના કેટલાક ખેલાડીઓએ બ્રિટનમાં આશ્રય માંગ્યો છે.જોકે તેમના નામનો ખુલાસો કરાયો નથી અને તેઓ કેમ અફઘાનિસ્તાન પાછા નથી ફરવા માંગતા તે બાબતની પણ જાણકારી ક્રિકેટ બોર્ડે આપી નથી. મીડિયા રિપોર્ટમાં કહેવાયુ છે કે, તાલિબાનનાના શાસન બાદ કોઈ અફઘાન ક્રિકેટરોએ અન્ય દેશમાં આશ્રય માંગ્યો હોય તેવી આ પહેલી ઘટના છે. અફઘાનિસ્તાનની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં શ્રીલંકાને ચાર રને હરાવ્યુ હતુ.જોકે સેમી ફાઈનલમાં તેને ઈંગ્લેન્ડ સામે ૧૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ ટુર્નામેન્ટમાં અફઘાન ટીમ ચોથા સ્થાને રહી હતી.જોકે અન્ડર ૧૯ ટીમના ખેલાડીઓ ઘરે પાછા ફરવા નાં માગતા હોય તેવી આ પહેલી ઘટના નથી.૨૦૦૯માં પણ અન્ડર ૧૯ ટીમના ખેલાડીઓએ ટોરેન્ટમાં ક્વોલિફાયર મુકાબલા બાદ કેનેડામાં શરણ માંગી હતી.

DOT Net Programmer
Interface Software Inc
98250 82967
Sector-30, Gandhinagar